Department of
Education

GOVERNMENT OF
WESTERN AUSTRALIA

# વિકલાંગતા ધરાવતાં યુવાનો માટે કારકિર્દીનાં માર્ગો

## માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી

બધા જ યુવાનોને તેમની આકાંક્ષાઓનું નિર્માણ કરવા, પડકારજનક શિક્ષણ હાથ ધરવા અને ઉચ્ચ શિક્ષણ, વધુ તાલીમ અને/અથવા અર્થપૂર્ણ રોજગારમાં સફળતાપૂર્વક સંક્રમણ કરવા માટે માર્ગ યોજનાઓ વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

છમાંથી એક ઓસ્ટ્રેલિયન વિકલાંગતા સાથે જીવે છે. તમામ કર્મચારીઓની જેમ જ, વિકલાંગતા ધરાવતાં લોકો કાર્યસ્થળ પર વિવિધ પ્રકારની કુશળતાઓ, ક્ષમતાઓ અને લાયકાતો લાવે છે અને વિવિધ પ્રકારની નોકરીઓમાં કામ કરે છે. (સ્ત્રોત: જોબ એક્સેસ)

નોકરી હોવાથી સામાજિક વર્તુળ વિસ્તૃત થાય છે, જીવનધોરણ સુધરે છે અને આર્થિક સ્વતંત્રતા અને સ્વ-મૂલ્યોમાં વધારો થાય છે.

સુલભતા અને સર્વસમાવેશકતા સુનિશ્ચિત કરવા માટે વિશ્વવિદ્યાલયો, ટેફ અને અન્ય તાલીમ પ્રદાતાઓ વ્યક્તિગત જરૂરિયાતો અનુસાર ટેકા સહિત શ્રેણીબદ્ધ યોગ્યતાઓ પૂરી પાડે છે.

| સંસાધનો | |
|---|---|
| **Myfuture (માયફ્યુચર)** | શ્રેણીબદ્ધ કારકિર્દી માર્ગો અને તકો તપાસવા માટે માયફ્યુચર સંસાધનો પૂરાં પાડે છે. તેમાં કારકિર્દીના આયોજન અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં મદદરૂપ થવા માટે સ્વ-જ્ઞાન વિકસાવવાનાં સાધનોનો સમાવેશ થાય છે.<br><br>માતાપિતા અને સંભાળકર્તાઓ માટે માહિતી<br>https://myfuture.edu.au/assist-your-child |
| **તમારી કારકિર્દી** | ઉદ્યોગ અને વ્યાવસાયિક માહિતી સહિતની કારકિર્દી વિશે માહિતીનું ઘર<br>https://www.yourcareer.gov.au/<br><br>વિકલાંગતા ધરાવતાં શાળા પૂરી કરી રહેલાઓને ટેકો આપવા માટે<br>https://content.yourcareer.gov.au/sites/default/files/2022-12/Support-for-school-leavers-with-disability.pdf |
| **myWAY Employability (માયવે એમ્પ્લોયેબિલિટી)** | માયવે એમ્પ્લોયેબિલિટી ઓટિસ્ટીક (સ્વલીનતા ધરાવતાં) યુવાનોને તેમના ભવિષ્યને નિયંત્રિત કરવા અને કાર્યજીવન માટે તૈયાર કરવામાં મદદ કરે છે.<br>https://www.mywayemployability.com.au/ |

D23/0567739
ફેબ્રુઆરી 2023

CC BY
Exclusions may apply

| સંસાધનો | |
|---|---|
| **ડિસેબિલિટી ગેટવે** | ઓસ્ટ્રેલિયાની સરકારની ડિસેબિલિટી ગેટવે સેવા વિકલાંગતા સાથે જીવતાં લોકો, તેમના પરિવારો અને સંભાળકર્તાઓ માટે વિશ્વસનીય માહિતી મેળવવા અને તેમના સ્થાનિક વિસ્તારમાં સેવાઓ સાથે જોડાવામાં મદદ કરવા માટે સમર્પિત છે. તે:<br>• એક વેબસાઇટ, સમર્પિત 1800-ફોન નંબર અને સોશિયલ મીડિયા પ્રસારણ માધ્યમોને આવરે છે<br>• વિકલાંગતા ધરાવતાં બધાં જ ઓસ્ટ્રેલિયનો માટે છે, પછી તેઓ રાષ્ટ્રીય વિકલાંગતા વીમા યોજના (એનડીઆઈએસ)નાં સહભાગી હોય કે ન હોય<br>• શિક્ષણ, રોજગાર, આવકઅને નાણાંકીય જોગવાઈ, આરોગ્ય અને સુખાકારી, રોજિંદા જીવન અને હક તથા કાનૂની સહિતનાં શ્રેણીબદ્ધ મુદ્દાઓ આવરી લે તેવું માળખું ધરાવે છે.<br>https://www.disabilitygateway.gov.au/ |
| **વિકલાંગતા રોજગાર સેવાઓ (ડીઈએસ)**<br><br>**જોબ એક્સેસ**<br><br>**ડીઈએસ પ્રદાતાઓ** | ડીઈએસ ઓસ્ટ્રેલિયાની સરકારની રોજગાર સેવા છે અને તે વિકલાંગતા ધરાવતાં લોકોને રોજગારી મેળવવા અને તેને જાળવી રાખવામાં મદદ માટે રોજગાર સહાય અને ટેકો પૂરો પાડે છે.<br><br>જોબ એક્સેસએ વિકલાંગતા ધરાવતા લોકો માટે કાર્યસ્થળ અને રોજગારની માહિતી માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર છે, જે માહિતી અને સંસાધનોને એકસાથે લાવે છે જે 'વિકલાંગતા રોજગારને આગળધપાવી શકે છે'.<br>https://www.jobaccess.gov.au/<br><br>એક પ્રદાતા શોધો: https://www.jobaccess.gov.au/find-a-provider |
| **રાષ્ટ્રીય વિકલાંગતા વીમા યોજના (એનડીઆઈએસ)** | એનડીઆઈએસ આજીવન અભિગમ અપનાવે છે, જે વિકલાંગતા ધરાવતાં લોકો અને વિકાસમાં વિલંબ ધરાવતાં બાળકોમાં વહેલું રોકાણ કરે છે, જેથી તેમના પાછલાં જીવનમાં પરિણામોમાં સુધારો કરી શકાય. https://www.ndis.gov.au/ |
| **એનડીઆઈએસ**<br>**શાળા પૂર્ણ કરી રહેલા માટે રોજગાર ટેકો (એસએલઇએસ)** | એસએલઈએસનો એનડીઆઈએસમાં સમાવેશ કરવાથી સહભાગીઓને અભ્યાસમાંથી રોજગારમાં જવામાં મદદ કરે છે અને તે શાળાનાં છેલ્લાં વર્ષોમાં અને શાળા પૂર્ણ થયા પછી સીધું ઉપલબ્ધ છે.<br><br>શાળા પૂર્ણ કરી રહેલા માટે રોજગાર ટેકો પૂરો પાડતાં પ્રદાતાઓ યુવાનોને રોજગાર માટે તૈયાર થવામાં, તે શોધવામાં અને મેળવવામાં મદદ કરે છે. તેઓ અર્થપૂર્ણ, વ્યક્તિગત ક્ષમતાં નિર્માણ પ્રવૃત્તિઓ પૂરી પાડે છે જેથી યુવાનો તેમના રોજગાર લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે. https://www.ndis.gov.au/providers/working-provider/school- leaver-employment-supports |
| **એનડીઆઈએસ (NDIS) નોકરીઓ શોધવી, જાળવવી અને બદલવી** | નીચેની માહિતીઓનો સમાવેશ કરે છે:<br>• રોજગાર વિશે વિચારવું અને વાત કરવી<br>• શાળા પૂર્ણ કરવી<br>• નોકરી માટે તૈયાર થવું<br>• સ્વયંસેવા. https://www.ndis.gov.au/participants/finding-keeping-and- changing-jobs |

CC BY
Exclusions may apply